જ્યારે કોઈ વ્યક્તિ મસ્જિદમાં દાખલ થાય તો તે આ દુઆ પઢે : **اللَّهُمَّ افْتَحْ لِي أَبْوَابَ رَحْمَتِكَ**, અર્થ : હે અલ્લાહ તું મારા માટે રહેમતના દરવાજા ખોલી નાખ , અને જ્યારે કોઈ નીકળે તો તે આ દુઆ પઢે , **اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ مِنْ فَضْلِكَ**, અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે તારો ફઝલ માંગુ છું

અબૂ હુમૈદ અથવા અબૂ ઉસૈદ રઝી અલ્લાહુ અન્હુમા રિવાયત કરે છે કે નબી ﷺ એ કહ્યું : «જ્યારે કોઈ વ્યક્તિ મસ્જિદમાં દાખલ થાય તો તે આ દુઆ પઢે : اللَّهُمَّ افْتَحْ لِي أَبْوَابَ رَحْمَتِكَ, અર્થ : હે અલ્લાહ તું મારા માટે રહેમતના દરવાજા ખોલી નાખ , અને જ્યારે કોઈ નીકળે તો તે આ દુઆ પઢે , اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ مِنْ فَضْلِكَ, અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે તારો ફઝલ માંગુ છું ».

[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

નબી ﷺ એ પોતાની કોમને માર્ગદર્શન આપ્યું કે જ્યારે તે મસ્જિદમાં પ્રવેશ કરે તો તે આ દુઆ પઢે : (اللَّهُمَّ افْتَحْ لي أَبْوابَ رَحْمَتِكَ), અલ્લાહ પાસે તેની કૃપાનો સવાલ કરે , અને જ્યારે મસ્જિદ માંથી નીકળે તો આ દુઆ પઢીને નીકળે : (اللَّهُمَّ إني أَسْأَلُك مِن فَضْلِك), અલ્લાહના ફઝલનો સવાલ કરે , અને હલાલ રોજી માંથી તેનો ઉપકાર માંગી રહી રહ્યો છે .

http://sunnah.global/hadeeth/gu/show/65092